

Yellow Sapphire




# CERTIFIED GEMSTONES

with Buy Back Guarantee



Ruby



Emerald



Pearl



Coral



Diamond



Blue Sapphire



Hessonite



Cat's eye

## RATNAश्री®

## Gems & Jewels

42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, **www.ratnashree.com**

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ

# સંપાદકનું સારેગમ

## કદાચ, આપણે રસ્તો ભૂલી જઈએ તો, દિશાઓ પણ ફરી જાય અને બદલાઈ જાય આપણા માટે...

ગની દહીંવાલાનો એક શેર છે—

**મહોબ્બત પ્રથમ ધર્મ છે જિંદગીનો મહોબ્બત વિના કોઈ આરો ન આવે,**
**સતત ચાલવું જોઈએ એ દિશામાં, જો થાકી ગયા તો ઉતારો ન આવે.**

અમે તો પ્રવૃત્તિને પ્રેમ કર્યો છે માત્ર. યાત્રાનો આરંભ તો થઈ જતો હોય છે. પછી એ પ્રેમયાત્રા હોય કે મનગમતી પ્રવૃત્તિ માટેની મથામણ. ઘણીવાર આપણે આરંભે જ શૂરા અને એટલે જ સવાલો પણ આપણે જ પૂછી અને જવાબો પણ આપણે જ શોધી કાઢતા હોઈએ છીએ અને પરિણામે પ્રવાસ ટૂંકાવી દઈ નિરાંતનો શ્વાસ લઈ લેતા હોઈએ છીએ અને આ માટે બહાનાઓ પણ હાથવગાં હોય છે. વિચારવંત શબ્દનો મહિમા કરતી પ્રકાશન પ્રવૃત્તિની આરંભાયેલી આ યાત્રા એક વિશિષ્ટ સોપાન તરફ ધપી રહી છે ત્યારે બે વાત કહેવાનું મન થાય છે. પરિણામ જ્યારે પડકારજનક લાગતું હોય ત્યારે મહેનત એવી કરવી જોઈએ કે જાણે કે આપણે જીત્યા જ ન હોઈએ અને જીતવાના પણ ન હોઈએ. રિયાઝ એ તો રોજની જરૂરીયાત છે જ્યારે રજૂઆત અને પ્રસ્તુતિ એવાં હોવા જોઈએ કે હાર્યા જ ન હોઈએ અને હારવાના ન હોઈએ. કદાચ આવી અડગ શ્રદ્ધા જ આપણને મંજિલ પામવામાં મદદરૂપ થતી હોય છે. આ એક એવો આત્મવિશ્વાસ આપણે જગાડવાનો છે કે કદાચ આપણે રસ્તો ભૂલી જઈએ તો દિશાઓ પણ ફરી જાય અને બદલાઈ જાય આપણા માટે. આવો વિશ્વાસ જ્યારે શ્વાસ બને ત્યારે જીવન ધન્ય.

**— સૌમિલ મુનશી**

*Follow us on*
/ShyamalSaumil

SHYAMAL-SAUMIL
the musical odyssey

વર્ષ: ૮/અંક: ૯૯/માર્ચ, ૨૦૧૯
**તંત્રી અને સંપાદક :**
સૌમિલ મુનશી
**પ્રકાશક :**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન :**
www.e-shabda.com
**તસવીર પરામર્શક :**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાધવાણી

**ઑફિસ એક્ઝિક્યુટિવ :**
જિગીષા જાની
**સહાય :** ગોપાલ પઢિયાર
**કાર્યાલય :** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫

કુલ પેજ: ૪૪


**ઇ-મેલ :**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય
₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં : અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી. તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.

નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI




CUSTOMIZE YOUR LOOKS WITH PREMIUM FABRICS AND BESPOKE TAILORING SERVICES AT AHMEDABAD, SURAT, BHOPAL, HYDERABAD, INDORE, JAIPUR & PUNE

**Ahmedabad • Anand • Bharuch • Bhavnagar • Bhopal • Gandhidham • Hyderabad • Indore Jaipur • Jamnagar • Pune • Raipur • Rajkot • Surat • Udaipur • Vadodara • Valsad • Vapi**

info@jadeblue.com Shop online @ jadeblue.com

JADE **BLUE**

WHAT YOU WEAR MATTERS

## 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' એ કલામય-સુયોજન, મુદ્રણ તથા પ્રકાશનનો સુભગ સમન્વય

આકર્ષક મુખપૃષ્ઠ, ભીતરની નવરંગી તસવીરોને તથા અંકનું વિષયવૈવિધ્ય ધ્યાનપાત્ર છે. રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની કવિતામાંનું યથાર્થ જીવનદર્શન અને સંકેત પ્રેરક, રતિલાલ બોરીસાગરની રચના હૃદયગમ-સાનંદાશ્ચર્ય જન્માવતી માસિક પેન્શન યોજનાની અરજીની ફેરફુદરડી અને તેમાંની કટાક્ષમય વાસ્તવિકતા અસરકારક છે.

સમાજનો પડઘો ઝીલતી, પ્રેમ-આશ્વાસનનો ચમત્કાર દર્શાવતી ને લોકમાનસનો નિર્દેશ કરતી રૂપાંતરિત વાર્તાનો આસ્વાદ. વિનોદ જોશીનો અફલાતુન કાવ્યાસ્વાદ તરબતર કરી દે તેવો. હંસાબેન દવે, ગૌરાંગ વ્યાસ સાથેના સંવાદો પ્રભાવક. ગુજરાત વિશ્વકોશના માહિતીપૂરક કાર્યક્રમો ઉપકારક-કલાકીય અનેકવિધ પ્રવૃત્તિ અંગે સચિત્ર, રસપૂર્ણ માહિતી. અંતમાં વિભિન્ન ક્ષેત્રના વિશિષ્ટ મહાનુભાવોના જન્મદિને શુભેચ્છા પાઠવતા સમગ્ર અંકનું સુંદર સમાપન.

'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'ના કલામય-સુયોજન, મુદ્રણ તથા પ્રકાશન માટે લોકહિતની ઉદાત્તભાવના અનેકાનેક અભિનંદનને પાત્ર છે.

**– ડૉ. દિવ્યાક્ષી શુક્લ, વડોદરા**

## કલાત્મક અને આકર્ષક મુખપૃષ્ઠ ખૂબ જ સરસ છે.

કલાત્મક અને આકર્ષક મુખપૃષ્ઠ ખૂબ જ સરસ છે. આપના મેગેઝીનની ખાસિયત તેની આકર્ષક ડીઝાઇન અને તસવીરોની સાથોસાથ કૉલમની પસંદગી ખરેખર સુંદર છે. એ બધામાં રતિલાલ બોરીસાગરનો લેખ મને વિશેષ પસંદ છે. તેમની હળવી અને વ્યંગાત્મક શૈલીમાં જે હાસ્ય નિષ્પન્ન થાય છે તે ગજબનું છે. તેમના દેવ આનંદ વિશેના પ્રેમને જાણી મને વિશેષ આનંદ થયો કારણ કે હું પણ તેમનો જબરો ચાહક છું.

'કાનનો રીયાઝ' લેખમાં અમર ભટ્ટ જે રીતે ડીટેઇલમાં સંગીતના સંભારણાની વાતો કરે છે અને સાથે જે યુટ્યુબ પરની લીંક પણ આપે છે જે ઘણી જ ઉપયોગી છે. તથા પત્રકાર અજિતભાઈ પોપટના બે પુસ્તકો તથા મહેશ શાહના પુસ્તક વિમોચનની વાત જાણી આનંદ થયો. આમ જ સાહિત્યની સેવા કરતાં રહો.

**– મેહુલ પાઠક, અમદાવાદ**



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# સ્મરણશક્તિ



યાદશક્તિ ન આપે સાથ,
હું પણ ના મારી સંગાથ.

દેહ-નગર-ઘરમાં ભૂલો,
કોઈ હસી પકડી લે હાથ.

દર્પણમાં ખોવાઈ જતો,
મને જ ભેટી ભરતો બાથ.

ઉંબરને પૂછે છે પગ,
ઘરમાં કેમ નથી ફૂટપાથ.

આવ્યા યાદ પ્રભુ-માળા,
બોલ્યું કોઈ અચાનક નાથ.

— રાજેશ વ્યાસ 'મિસ્કીન'

અમેરિકાના એક્સ પ્રેસિડન્ટ રોનાલ્ડ રેગનને અલ્ઝાઇમર નામનો રોગ થયો હતો. અલ્ઝાઇમરમાં વ્યક્તિની સંપૂર્ણ યાદશક્તિ ચાલી જાય છે. રોનાલ્ડ રેગન ઘણીવાર તેમની આસપાસના સિક્યોરીટી ગાર્ડને પૂછતા કે તમે કોણ છો? અને અહીંયા કેમ છો? અને સિક્યોરિટી ગાર્ડ જ્યારે તેમને કહે કે, અમે તમારી રક્ષા માટે છીએ. તમે અમેરિકાના એક્સ પ્રેસિડન્ટ છો. ત્યારે એ પૂછતા હતા કે હું કોણ છું? અને તેમને જ્યારે જણાવવામાં આવે કે તમે રોનાલ્ડ રેગન છો ત્યારે તેમના ચહેરા ઉપર કોઈ ખાસ ફેર નહોતો પડતો. આપણા રોજિંદા જીવનમાં ઘણીવાર કોઈ વસ્તુ ક્યાં મૂકી છે

તે યાદ જ નથી આવતું હોતું. ઘરનો ખૂણેખૂણો ફેંદી નાખીએ અને છતાં એ મહત્વની વસ્તુ સાચવીને ક્યાં મૂકી હોય છે તે યાદ જ નથી આવતું.

ક્યારેક આપણી Short Memory ચાલી જાય છે. એક રૂમમાંથી બીજા રૂમમાં કેમ આવ્યા હતા એ જ વાત ભુલાઈ ગઈ હોય છે. પછી થોડા સમયે તે ફરી યાદ આવે છે. એક બીજી Leaking Memory છે. પાણીના નળમાંથી એક એક ટીપું લીક થયા કરે. એક એક ટીપું લીક થવાને લીધે પાણીના ફોર્સમાં ફેર નથી પડતો. અઠવાડિયાનો, મહિનાનો અને વરસનો હિસાબ કાઢીએ ત્યારે ખબર પડે છે કે એક મોટી ટાંકી જેટલું પાણી લીક થઈને ચાલ્યું ગયું હોય છે. બાળપણથી અત્યાર સુધીના અનેક પ્રસંગો, બનાવો આ Leaking Memoryના સિદ્ધાંત મુજબ આપણી યાદશક્તિમાંથી ટપકીને ક્યાંક ચાલ્યા ગયા હોય છે. બાળપણથી અત્યાર સુધીની ઘણીબધી યાદો અકબંધ હોય છે. પણ ખરેખર ઘણી યાદો સાવ ભૂંસાઈ ગઈ હોય છે.

> અરીસો જોતાં જોતાં હું ખોવાઈ જઉં છું. અરીસામાં જે દેખાય છે એ કોણ હશે? મારો શું સગો હશે? હું અરીસામાં રહેલા મને બાથ ભરીને ભેટી પડું છું. ઘણીવાર ઘરમાં ચાલતા ચાલતા પ્રશ્ન થાય છે કે બહાર રસ્તા ઉપર ફૂટપાથ હોય છે તેવી ઘરમાં કેમ નથી?

વિસ્મરણશક્તિ એ ઈશ્વરની સૌથી મોટી કૃપા છે. કવિ દુર્ગેશ શુક્લનું તો વિસ્મૃતિ એક વરદાન છે એવું એક સુંદર કાવ્ય છે. જો બધું જ યાદ રહેતું હોત તો આપણે ગાંડા થઈ જાત. પણ સામે છેડે એ પણ એટલું જ સાચું છે કે જો કશું જ યાદ ના રહેતાં પણ માણસ લગભગ ગાંડા જેવો જ લાગે. આ ગઝલ કોઈ એવી જ મનઃસ્થિતિમાંથી પ્રગટેલ છે.

જ્યારે યાદશક્તિ સાથ નથી આપતી હોતી ત્યારે જાણે મને મારો પણ સાથ છૂટી ગયો હોય તેમ લાગે છે. કેવી સ્તબ્ધતા હશે? બધા જ સંદર્ભોથી તમે સાવ Cut Off થઈ ગયા હો એ કેવું જીવન? બધું જોતા હો અને માત્ર જોતા હો. બધો જ ભૂતકાળ ભૂંસાઈ જાય. બધા જ સંદર્ભો ખોવાઈ જાય. બધું જ નવેસરથી કોઈને સમજાવવું પડે કે સમજવું પડે ત્યારે કેવી જાતની સ્થિતિ હોય? કોઈ અજાણ્યા શહેરમાં કોઈ અજાણ્યા ઘરમાં, કોઈના અજાણ્યા શરીરમાં જાણે ભટકતાં હોઈએ તેવું થયા કરતું હોય છે. અને આપણી આ પરિસ્થિતિ ઉપર લાખ ગુસ્સો આવે તો પણ હસીને મદદરૂપ થવા કોઈ હાથ પકડી લેતું હોય છે.

અરીસો જોતાં જોતાં હું ખોવાઈ જઉં છું. અરીસામાં જે દેખાય છે એ કોણ હશે? મારો શું સગો હશે? હું અરીસામાં રહેલા મને બાથ ભરીને ભેટી પડું છું. ઘણીવાર ઘરમાં ચાલતા ચાલતા પ્રશ્ન થાય છે કે બહાર રસ્તા ઉપર ફૂટપાથ હોય છે તેવી ઘરમાં કેમ નથી? આવી પરિસ્થિતિની અંદર અચાનક જ માળા કરતો હતો. એ ભગવાનનું નામ પણ યાદ આવી ગયું. કારણ કે ક્યાંક કોઈ અચાનક 'નાથ' એવો શબ્દ બોલ્યું હતું.

**શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારિ**
**હે નાથ! નારાયણ વાસુદેવ...**
**દીનાનાથ દયાળ નટવર**
**હાથ મારો મૂકશો મા...**

એક 'નાથ' શબ્દ સાંભળતાની સાથે જ માણસને ભૂલી ગયેલું મન ઈશ્વરના સ્મરણમાં સરકી જાય છે. અને આમ ગઝલમાં અચાનક છેલ્લાં શેર દ્વારા વળાંક આવે છે.

# ‘સ્વરસેતુ’ના શ્રોતાઓએ કવન, સ્વરાંકન, ગાયન, શ્રવણ અને આયોજનના પંચામૃતનું પાન કર્યું



તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૯ શનિવારના રોજ ‘સ્વરસેતુ’ દ્વારા આ વર્ષના ચોથા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ‘પંચામૃત’ શીર્ષક હેઠળ રજૂ થયેલ આ કાર્યક્રમમાં ગુજરાતી કાવ્યસંગીતના પાંચ વરિષ્ઠ સ્વરકારોના સ્વરાંકનો નવી પેઢીના પ્રતિભાસંપન્ન કલાકારોના કંઠેથી પ્રસ્તુત કરવામાં આવ્યા. ગુજરાતને ગાતું કરનાર અવિનાશ વ્યાસ, રુદિયાના રાજા ક્ષેમુ દિવેટીઆ, સંગીતજગતના બિલીપત્ર સમા નિનુ મઝુમદાર, સ્થિતપ્રજ્ઞ દિલીપ ધોળકિયા તથા સ્વરમ ગાયકવૃંદના પ્રણેતા રસિકલાલ ભોજકના સ્વરાંકનોની દ્યુતિ વચ્છરાજાની, ડૉ. સાવની શાહ, ધ્રુવીશ શાહ અને પ્રહર વોરાએ આગવી રજૂઆત કરી.



ગુજરાતને ગાવાની નવાઈ નથી, ગુજરાત હંમેશા ગાતું જ રહ્યું છે. પરંતુ માતૃભાષાના અસ્તિત્વ સામે ઊભા થયેલાં પડકાર વેળા 'સ્વરસેતુ' દ્વારા 'પંચામૃત'નું આયોજન એ ગુજરાતી કાવ્યસંગીતની કલાપ્રવૃત્તિની ઉજળી આવતીકાલ સમું બની રહ્યું. ગીત-સંગીતની ચિરંજીવતા સૌએ માણી. દ્યુતિ વચ્છરાજાની દ્વારા 'એક સવાલે સાજન હારી ગયો' (નિનુ મઝુમદાર), 'સોના વાટકડી' (ક્ષેમુ દિવેટીઆ), 'એક રજકણ સૂરજ થવાને શમણે' (દિલીપ ધોળકિયા), 'ઝાંઝર અલકમલકથી આવ્યું' (રસિકલાલ ભોજક) અને 'કેમ રે વિસારી' (અવિનાશ વ્યાસ)ની પ્રસ્તુતિ કરવામાં આવી.



'પંખીઓએ કલશોર કર્યો ભાઈ' (નિનુ મઝુમદાર), 'શોધતો હતો ફૂલ ને ફોરમ' (ક્ષેમુ દિવેટીઆ), 'શરમને રમવું ગમતું છાનું' (દિલીપ ધોળકિયા), 'મૈ નિરગુનીયા' (રસિકલાલ ભોજક), 'એક તૂટેલું બીન' (અવિનાશ વ્યાસ) ની ધ્રુવીશ શાહ દ્વારા રજૂઆત કરવામાં આવી.

'સાહ્યબાની પાઘડીએ', રે નયણાં રંગ રૂપાળા', ' કોઈ આઘે આઘેથી', 'હરી તુમ બહુત અનુગ્રહ કીન્હો' અને 'મારો દેવરીયો છે બાંકો'ની પ્રસ્તુતિ ડૉ. સાવની શાહે કરી.

કાર્યક્રમનો ઉઘાડ 'રક્ષા કરો જગદંબા' સ્તુતિથી પ્રહર વોરાના કંઠેથી થયો. ત્યારબાદ પ્રહર વોરા દ્વારા 'રે આજ આષાઢ આવ્યો', 'તારો છેડલો', 'યહ બિનતી રઘુબીર ગુંસાઈ' અને 'એક બેવફા'ની રજૂઆત કરવામાં આવી.



ગાયક કલાકારોના જન્મથી પણ પહેલાં સ્વરાંકિત થયેલાં આ સ્વરાંકનોની ભાવપૂર્ણ રજૂઆત આ કલાકારોએ કરી. જેમાંના કેટલાંક સ્વરાંકનો રંગમંચ ઉપરથી પ્રથમવાર જ રજૂઆત પામ્યાં. વાદ્યવૃંદના કલાકારો—મનીષી રાવલ, લવ કંસારા, મનીષ કંસારા, અર્ચન કવિશ્વર, જીજ્ઞેશ શેઠ, કંદર્પ કવિશ્વર, ઋજુલ શાહ અને ભગીરથ ભટ્ટે ખૂબ જ કર્ણપ્રિય સંગત કરી.


'સ્વરસેતુ'ના આ આગવા આયોજનને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનો આર્થિક સહયોગ સાંપડ્યો. અકાદમીના અધ્યક્ષ શ્રી પંકજ ભટ્ટ તથા સભ્યસચિવ શ્રી જ્યોતિષ ભટ્ટનો આ પ્રસંગે સહકાર પ્રાપ્ત થયો.

'પંચામૃત' દૂધ, દહીં, સાકર, ઘી અને મધના સંમિશ્રણથી બનેલું હોય છે. મંદિરમાં પૂજારી ભગવાનને પંચામૃત વડે સ્નાન કરાવે છે અને સૌને પ્રસાદ રૂપે ધરવામાં આવે છે. 'સ્વરસેતુ'ના શ્રોતાઓએ કવન, સ્વરાંકન, ગાયન, શ્રવણ અને આયોજનના પંચામૃતનું પાન કર્યું હતું અને સૌ કલાકારોને અભિનંદન આપ્યા હતા.



રતિલાલ બોરીસાગર

# અફવા એટલે...



કહે છે કવિઓ જન્મે છે, બનતાં નથી. (એટલે જ કદાચ દરેક કવિને લાગે છે કે પોતે આજન્મ કવિ છે.) કવિઓ વિશેનું આ કથન અફવાના સર્જકને પણ એટલું જ લાગુ પડે છે. અફવાના સર્જકો પણ જન્મે છે, બનતાં નથી. દરેક અફવા એક મૌલિક કાવ્ય જેવી હોય છે.

કવિઓ કાવ્યનું સર્જન કરીને કાવ્ય સાથે પોતાનું નામ જોડવાનો આગ્રહ રાખે છે. (કેટલીક વાર તો બીજાના કાવ્ય જોડે પણ પોતાનું નામ જોડવાનો ઉત્સાહ દાખવે છે.) પણ અફવાનો સર્જક સ્વભાવથી નિર્લેપ હોય છે. એ અફવાને વહેતી મૂકીને પછી એનાથી અળગો થઈ જાય છે. અફવા વહેતી મુકાયા પછી વ્યક્તિની મટીને સમૂહની બને છે. અફવા પર કોઈનો કૉપીરાઈટ હોતો નથી; સૌ કોઈ એમાં સુધારાવધારા કરવાના હકદાર છે. દૂધમાં પાણી ઉમેરાતું જાય એમ દૂધ પાતળું બને છે, પરંતુ અફવાનું એથી ઊલટું છે. એટલે જ અફવાને ફુગ્ગા જેવી કહી છે. દરેક ફૂંકે એનું કદ વધતું જાય છે!

અફવાની અસર અદ્ભુત હોય છે. ઈશ્વરમાં ન માનનારા મળી આવે પણ અફવા ન માને, અફવાને એક કાનેથી સાંભળી બીજા કાને કાઢી નાખે એવો મનુષ્ય આ જગત વિશે જડવો મુશ્કેલ છે. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના અવસાનની અફવા રાષ્ટ્રપતિ અને એમનાં પત્ની સિવાય આખા દેશે માની લીધી હતી. રાષ્ટ્રપતિ જો નબળા મનના હોય તો એમણે પણ ડૉક્ટરને ફોન કરીને પોતાના જીવતા હોવા વિશે ખાતરી કરી આપવા રાષ્ટ્રપતિભવનમાં બોલાવ્યાં જ હોત! ભારત જો જૂનું રશિયા હોત તો અવસાનની અફવા પછી રાષ્ટ્રપતિ જ્યારે ટીવી પર દેખાયા ત્યારે આ ખરા રાષ્ટ્રપતિ

નથી, પણ એના ડુપ્લિકેટ છે, એવી અફવા પણ ચોક્કસપણે ફેલાઈ હોત!

> જે અનારકલી જન્મી જ નહોતી એ અનારકલી અકબર બાદશાહે દીવાલમાં જીવતી ચણી દીધી એવી અફવા એટલા જોરશોરથી ફેલાઈ ગયેલી કે અકબર બાદશાહ એકદમ મૂંઝાઈ ગયેલો. કોઈ-કોઈ વાર તો ખુદ અકબરને એવી શંકા થતી કે ખરેખર પોતે અનારકલીને જીવતી ચણી દેવાના ઑર્ડર પર ભૂલથી તો સહી નહિ કરી નાખી હોય ને!

જે અનારકલી જન્મી જ નહોતી એ અનારકલી અકબર બાદશાહે દીવાલમાં જીવતી ચણી દીધી એવી અફવા એટલા જોરશોરથી ફેલાઈ ગયેલી કે અકબર બાદશાહ એકદમ મૂંઝાઈ ગયેલો. કોઈ-કોઈ વાર તો ખુદ અકબરને એવી શંકા થતી કે ખરેખર પોતે અનારકલીને જીવતી ચણી દેવાના ઑર્ડર પર ભૂલથી તો સહી નહિ કરી નાખી હોય ને! જહાંગીર ગાદીએ આવ્યો ત્યારે નૂરજહાંએ પણ એને અનારકલી વિશે પ્રશ્નો પૂછી પૂછીને અનેક વાર મૂંઝવી નાખેલો. પોતે આવી કોઈ અનારકલીને સપનામાં પણ કદી જોઈ નથી એવી સ્પષ્ટતા જહાંગીરે વારંવાર કરેલી. પણ કડક સાસુ જેમ વહુનો ખુલાસો ન સ્વીકારે, કડક બૉસ જેમ કર્મચારીઓનો ખુલાસો માન્ય ન રાખે, ગુસ્સે થયેલાં મુખ્યપ્રધાન કે વડાપ્રધાન જેમ પ્રધાનનો ખુલાસો અમાન્ય કરે, ટ્રાફિક પોલીસ જેમ વાહનચાલકની વાત ન સાંભળે એમ નૂરજહાંએ જહાંગીરનો એકેય ખુલાસો માન્ય રાખ્યો નહોતો.

અફવાની શક્તિથી અકબર બાદશાહ એટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા કે એકવાર એમણે બીરબલને પૂછ્યું, ‘બીરબલ, આ અફવા કેવી રીતે ફેલાતી હશે?’ બીરબલે કહ્યું, ‘જહાંપનાહ! અફવા ઈશ્વર જેવી છે. એ શું છે, કેવી રીતે સર્વત્ર વ્યાપી રહે છે, એ સમજાવવું કઠણ છે. પરંતુ તમે કહો તો ડેમોન્સ્ટ્રેશન કરી બતાવું.’

અકબર બાદશાહ અફવાનું ડેમોન્સ્ટ્રેશન જોવા સંમત થાય છે. એટલે બીરબલે જી. આર. બહાર પાડી રાજ્યના તમામ સૈનિકોને રાજધાનીમાં હાજર થવા હુકમ કર્યો. ઘણાં વખત પછી ટી.એ.ડી.એ.ના દર, આજની પેઠે, તે વખતે પણ ઘણા ઊંચાં હતા. ખોટું દાક્તરી સર્ટિફિકેટ રજૂ કરી માંદગીની રજા પર હતા, તેઓ પણ ટી.એ.ડી.એ. મેળવવા ખોટું ફિટનેસ સર્ટિફિકેટ રજૂ કરી, હાજર થઈ ગયા.

બીરબલે બધા સૈનિકોને વારાફરતી બોલાવી એક લાઈનમાં ઊભા રહી જવાની ને પોતાની આગળનો સૈનિક જ કહે એ વાત પોતાની પાછળના સૈનિકને કહી તરત લાઈનની બહાર નીકળી, કોઈની સાથે કશું બોલ્યા વગર પોતાનાં ડ્યુટીના સ્થાને પહોંચી જવું અને ત્યાં જઈ ટી.એ.ડી.એ.નું ફૉર્મ ભરી વિનાવિલંબે મોકલી આપવું એવી સૂચના આપી. (આ સૂચનામાં ટી.એ.ડી.એનું ફૉર્મ વિનાવિલંબે મોકલવાની સૂચના વધારાની હતી. એ સમયે પણ કર્મચારીઓ સૈનિકોને આ સૂચના કન્વે કરવામાં જ ઘણા દિવસો નીકળી ગયા. જોકે કશું કામ કરવાનું નહોતું અને ડી.એ. ચડતું હતું એટલે સૈનિકો રાજી હતા. સૂચનાનું કામ પૂરું થયું. સૈનિકો લાઈનસર ઊભા રહી ગયા. લાઈન કેટલાંય કિલોમીટર લાંબી થઈ. બીરબલની સૂચના પ્રમાણે અકબરે પહેલાં સૈનિકને કહ્યું, ‘બીરબલને બે દિવસથી મલેરિયા થયો છે’ આ વાત આગળના દરેક સૈનિકે પાછળના દરેક સૈનિકને કહેવાની હતી—એ જ સાંભળી શકે એટલી ધીમેથી કહેવાની હતી. દિવસો સુધી મૅસેજ પાસ ઑનની આ પ્રક્રિયા ચાલી. આ પ્રક્રિયા પૂરી થઈ એટલે છેલ્લા



સૈનિકને અકબર અને બીરબલ પાસે બોલાવવામાં આવ્યો. અકબરે આ છેલ્લાં સૈનિકને એની આગળના સૈનિકે શું કહ્યું, તે રિપિટ] કરવા કહ્યું. પેલો સૈનિક તો બાપડો શિયાવિયા થઈ ગયો. એકદમ ગભરાઈને એણે કહ્યું, 'જહાંપનાહ! મને માફ કરો. મેં એ સાંભળ્યું તો ખરું, પણ હવે એ બોલવાનું પાપ મારાથી નહીં થઈ શકે.' આ સાંભળી અકબરને ભારે આંચકો થયો. બીરબલને સાદો અમથો મલેરિયા થયો છે એવી વાત કહેવામાં આ બહાદુર સૈનિક ગભરાઈ કેમ ગયો એ અકબરની સમજમાં ન આવ્યું. એમણે મૂંઝાઈને બીરબલ સામે જોયું. બીરબલે સ્મિત કર્યું અને પછી કડક અવાજે પેલા સૈનિકને કહ્યું, 'તને તારી આગળના સૈનિકે જે કહ્યું હોય તે કહી દે. તું જો નહિ કહે તો તને ટાડામાં ફિટ કરી દઈશ.' ટાડાનું નામ સાંભળી બિચારો સૈનિક વધુ ગભરાઈ ગયો. એ ભાડુંભથ્થું મળશે એમ સમજીને હોંશથી દિલ્હી આવ્યો હતો. પરંતુ ભાડાભથ્થાની જગ્યાએ ટાડાની વાત આવી પડી એટલે એના તો મોતિયા મરી ગયા એ જાણતો હતો કે ટાડા નીચે ફિટ થવા કરતાં તો શૂળીએ ચડી જવું બહેતર છે. એણે ગભરાતાં ગભરાતાં કહ્યું, 'જહાંપનાહ! કાનને દોષ છે. કહેતા મારી જીભ ઉપડતી નથી. પણ આપનો હુકમ છે એટલે કહું છું, મને આગળના સૈનિકે કહ્યું... મને કહ્યું કે... બીરબલને... બીરબલને એઈડ્ઝ થયો છે.' આ સાંભળી બીરબલ ખડખડાટ હસી પડ્યો. એણે અકબર સામે જોયું. અકબર પણ હસવું રોકી શક્યા નહીં. બીરબલે હસતાં-હસતાં કહ્યું, 'જહાંપનાહ! અફવા ફેલાવવાનો આપનો હેતુ નહોતો. પણ શરૂઆત આપનાથી થઈ એટલે અફવા ફેલાવવામાં આપનો ફાળો ખરો.' અકબરને સમજાઈ ગયું કે અફવા કેવી રીતે ફેલાય છે!

**તા.ક.** આ વાર્તા વાંચીને કોઈને પ્રશ્ન થશે કે અકબર-બીરબલના જમાનામાં એઈડ્ઝ જેવો કોઈ રોગ જ નહોતો. મલેરિયાનું નામ પણ કોઈએ સાંભળ્યું નહોતું. પણ આવા પ્રશ્નો કોઈએ કરવા નહિ. અફવામાં બુદ્ધિ લડાવવાનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. અફવા એટલે જ મલેરિયામાંથી એઈડ્ઝ કરી દેવાની કળા!

**('અમથું અમથું કેમ ન હસિયે', પ્રકાશન: ગૂર્જર પ્રકાશન)**

# ગાયક-સ્વરકાર આશિત દેસાઈને સંગીત નાટક અકાદમી પુરસ્કારથી સન્માનિત કરાયા



કલાક્ષેત્રમાં ઉલ્લેખનીય યોગદાન બદલ તારીખ ૬ ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં ૪૨ કલાકારોને ૨૦૧૭નો સંગીત નાટક અકાદમી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીના વરદહસ્તે એક ગરિમાપૂર્ણ સમારોહમાં સંગીત, નાટક, નૃત્ય, વાદન અને ગાયન ક્ષેત્રે ઉલ્લેખનીય યોગદાન માટે કલાકારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. પુરસ્કારમાં એક લાખ રૂપિયાનો ચેક, તામ્રપત્ર અને શાલ અર્પણ કરવામાં આવી હતી. સંગીતક્ષેત્રે ગુજરાતી સુગમસંગીતના જાણીતા ગાયક-સ્વરકાર આસિત દેસાઈ ઉપરાંત અન્ય ૧૦ કલાકારો, નૃત્ય અને રંગમંચ ક્ષેત્રે ૯-૯ કલાકારોને સંયુક્ત રીતે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિજય વર્મા અને સંધ્યા પુરેચાને સંપૂર્ણ યોગદાન અને સ્કોલરશિપ વર્ગમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

પુરસ્કાર મેળવનાર મુખ્ય કલાકારોમાં આશિત દેસાઈ, રમા વૈદનાથન (નૃત્ય), રમાકાંત ગુંદેચા અને ઉમાકાંત ગુંદેચા (ધ્રુપદ ગાયન), રાજેન્દ્ર પ્રસન્ન (બાંસુરી), હેમા સહાય (અભિનય), સુજાતા મહાપાત્ર (ઓડીશી નૃત્ય) અને શોભા કેસર (કથક)નો સમાવેશ થાય છે.

# તુરત આવો!



'અનાથ નઘરોળ જિંદગી... ગુલામીનું જીવન...' બબડતો ગોવિંદો મેનેજરની કેબિનમાંથી બહાર આવ્યો. એને અંગેઅંગે આગ લાગી હતી. ચહેરો લાલચોળ થઈ ગયો હતો. એ પોતાના તંબુ તરફ જઈ રહ્યો હતો. ત્યાં જ મેનેજર બહાર આવ્યો. ગોવિંદાને ખભે દયાભર્યો હાથ મૂકી બોલ્યો, સૉરી, ગોવિંદા!... હું લાચાર છું... મને સમજવાની કોશિશ કર... જા, થોડો આરામ કરી લે...'

પગલાં ગણતો-ગણતો એ તંબુએ પહોંચ્યો. સર્કસના મુખ્ય તંબુમાંથી સંગીતનો અવાજ આવી રહ્યો હતો. તે પરથી ગોવિંદાએ અનુમાન લગાવ્યું કે કયો ખેલ ચાલી રહ્યો હશે. 'બસ, અડધા કલાકમાં તો મારે મોટરસાઈકલ લઈને પ્રવેશ કરવાનો. પૃથ્વીના ગોળામાં ખેલ દેખાડવાનો.' આંખો મીંચીને ગોવિંદો વિચારી રહ્યો હતો.

આંખો મીંચતા જ રામુ દેખાયો. દસેક વરસનો રામુ હસે ત્યારે કેટલો સુંદર લાગે! ગોવિંદાની આંખો ભરાઈ આવી.

પોતે કાંઈ ભણ્યો-ગણ્યો નહીં, એનું ગોવિંદાને આજે બહુ લાગી આવ્યું. 'એટલે તો પૈસા કમાવા આમ કૂતરાની જેમ ભટકવું પડે છે! પોતે અનાથ હતો. ગામ નજીક સરસ રામમૂર્તિનું સર્કસ આવેલું. જાતજાતના ખેલોનું એને બહુ આકર્ષણ થયું. એ સર્કસવાળાઓની સાથે થઈ ગયો. નાનાં-મોટાં કામો કરતાં પોતેયે ખેલ કરતો થયો. મોટરસાઈકલનો ખેલ ત્યારે બહાદુર કરતો. એ ખેલ જેવી બહાદુરી બીજા કોઈમાં નહીં. એમ ગોવિંદાના મનમાં ઠસી ગયું. ત્રણ-ચાર વરસ મહેનત કરીને શીખ્યો અને પોતે એ ખેલ કરતો થઈ ગયો. બહાદુર બીજે જતો રહ્યો, પછી ગોવિંદાનો મોટરસાઈકલનો ને જીપનો ખેલ સર્કસનું મોટું આકર્ષણ! પણ એ આકર્ષણ જ પગની બેડી બની ગયું.

મેનેજરને તાર બતાવ્યો તોયે એમને દયા ન આવી. માત્ર

એક અઠવાડિયાની રજા માગી તોયે ના આપી. આજનો ખેલ રદ કરવા કહ્યું, 'તોયે ના માન્યા. 'તારા ખેલ બાબત તો છાપાંમાં કેટલો બધો પ્રચાર થયો છે! તારો ખેલ રદ થાય તો તો પ્રેક્ષકો બુમરાણ મચાવી મૂકે, તોડફોડ કરી નાખે, આ શહેરનો અઠવાડિયાનો કાર્યક્રમ પૂરો થાય, પછી જજે.'

ગોવિંદાનું માથું ચક્કર-ચક્કર ભમી રહ્યું હતું. આંખ સામેથી રામુ ખસતો નહોતો. ગયે વરસે રામુ અને એની મા મળવા આવ્યાં, ત્યારે મોટરસાઇકલનો ખેલ જોઈને રામુ નાચી ઊઠેલો, 'પપ્પા, ગોળામાં તમે આટલી ઝડપે ઘૂમો છો, તે ચક્કર નથી આવતાં? આંખે અંધારા નથી આવી જતાં?'

એની મોટરસાઈકલ સરકસના તંબુમાં પ્રવેશી કે પ્રેક્ષકોએ તાળીના ગડગડાટથી એણે વધાવી લીધો. હાથ હલાવી આ અભિવાદન ઝીલતો એ ગોળામાં પ્રવેશ્યો. સંગીત વાગવા માંડ્યું. મોટરસાઇકલ ઘૂમવા માંડી. સંગીતમાં ચલતી આવતી ગઈ તેમ, મોટરસાઇકલની ચલતી પણ વધતી ગઈ, વધતી જ ગઈ.

'ના, દીકરા! એની આદત પડી જાય ને!'

'તમારો ખેલ જોઈને લોકો કેટલા ખુશ હતા! કેટલી વાર સુધી તાળીઓ પાડતા રહ્યા અને ચિચિયારી કરતા રહ્યા! હું યે મોટો થઈને આ ખેલ કરીશ.'

ગોવિંદાએ દીકરાને સોડમાં લઈને ચૂમી લીધો હતો. આજે એ યાદ આવતાં ગોવિંદો માથું પકડી સૂનમૂન થઈ ગયો. ત્યાં મેનેજર દોડતો આવ્યો, 'ગોવિંદા!...' ગોવિંદો ઊભો થઈ ગયો. આંખો લૂછીને મોટરસાઇકલ પર બેઠો. એની મોટરસાઈકલ સરકસના તંબુમાં પ્રવેશી કે પ્રેક્ષકોએ તાળીના ગડગડાટથી એને વધાવી લીધો. હાથ હલાવી આ અભિવાદન ઝીલતો એ ગોળામાં પ્રવેશ્યો. સંગીત વાગવા માંડ્યું. મોટરસાઇકલ ઘૂમવા માંડી. સંગીતમાં ચલતી આવતી ગઈ તેમ, મોટરસાઇકલની ચલતી પણ વધતી ગઈ, વધતી જ ગઈ. રોકેટ વેગે ઘૂમતા ગોવિંદાને જોઈ પ્રેક્ષકોના શ્વાસ અધ્ધર થઈ ગયા. પછી ધીરે ધીરે ગતિ ઓછી થઈ. ગોવિંદો ગોળાની બહાર આવ્યો ત્યારે પ્રેક્ષકોએ ઊભા થઈ તાળીઓ સાથે એને વધાવી લીધો. મેનેજર એને ભેટી પડ્યો.

પરસેવાથી લથબથ ગોવિંદો સર્કસના તંબુની બહાર જઈ બેસી પડ્યો. એની ચારેકોર ચક્કર-ચક્કર ઘૂમી રહ્યું હતું. થોડી વારે એણે ખિસ્સામાંથી પાકિટ કાઢ્યું. પાકિટમાં એક નાનકડો ફોટો હતો. ફોટાને એ એકધારો ચૂમતો રહ્યો અને પછી માથું પકડી પોકે પોકે રડી પડ્યો. એકાએક એને રીટા યાદ આવી. કેવા સુંદર ખેલ કરતી! એને પરણવું હતું, પણ સર્કસનું પાંચ વર્ષનું બોન્ડ પૂરું નહોતું થયું એટલે મેનેજર એને જવા નહોતો દેતો. એક દિવસ એ ભાગી ગઈ. ગોવિંદાને થયું, આજે હું પણ એવી રીતે ભાગી જઈ શકું તો?


ત્યાં તો જીપના ખેલનો ટાઈમ થઈ ગયો. મેનેજરે ગોવિંદાને પકડી જીપમાં બેસાડ્યો. ગોવિંદાએ જીપ સ્ટાર્ટ કરી અને વાયુવેગે દોડાવી. આટલા વેગ વિના કૂદકો મારી શકાય? એક પાટિયું કૂદી બીજા પાટિયા ઉપર પહોંચી તાળીઓનો ગડગડાટ થઈ ઊઠ્યો. સીટીઓ વાગવા માંડી. સામે પાટિયે જઈ ગોવિંદાએ બ્રેક ઉપર બ્રેક લગાવી. પણ બ્રેક ન લાગી. મોટા અવાજ સાથે જીપ ઊંધી વળી ગઈ. ગોવિંદો પટકાઈ પડ્યો. એ રામુ પાસે પહોંચી ગયો હતો. એના ખિસ્સામાંથી તાર નીકળી પડ્યો—'રામુ મરી ગયો, તુરત આવો!'

**(કે. વી. એસ. વર્માની તેલુગુ વાર્તાને આધારે,**
**રૂપાંતર: હરિશ્ચન્દ્ર, પુસ્તક: 'વીણેલાં ફૂલ'માંથી,**
**સાભાર: યજ્ઞ પ્રકાશન)**



અમર ભટ્ટ

# ઉસ્તાદ શરાફત હુસૈન ખાનનું ગાન



શાસ્ત્રીય સંગીતનું શ્રવણ અને કાવ્યગાન મારું એકાંત શણગારે છે. શબ્દવિહીન શાસ્ત્રીય સંગીત-સાંભળવાનો આનંદ હું શબ્દપ્રધાન સંગીત ગાઈને વ્યક્ત કરું છું.

૧૯૭૭-૭૮માં પ્રથમવાર શાસ્ત્રીય કંઠ્ય સંગીતના કાર્યક્રમમાં ગયાનું સ્મરણ છે. સ્કૂલ ઓફ આર્કિટેક્ચરમાં આગ્રા-અતરૌલી ઘરાણાના શાસ્ત્રીય ગાયક ઉસ્તાદ શરાફત હુસૈન ખાનના ગાયનનો સવારનો કાર્યક્રમ હતો. ખાં સાહેબે 'મિયાં કી તોડી' રાગ રજૂ કર્યો હતો. (એમ કહેવાય છે કે મિયાં કી તોડી રાગ તાનસેને સર્જ્યો ને બિલાસખાની તોડી એમના પુત્ર વિલાસખાને.)

આલાપથી ગાનની શરૂઆત થઈ એમાં ક્યારેક 'આ'કાર અને ક્યારેક 'નોમતોમ'માં તરાનાના શબ્દો હતા. આવા શબ્દોમાં અનુનાસિક અક્ષરો ઘણાં હોવાથી નાદમાધુર્ય ઉત્પન્ન થાય છે. આલાપમાં ઘણીવાર 'અનંત હરિનારાયણ' એવું પણ એ ગાતા હતા! આલાપ, પછી લયબધ્ધ આલાપ-જોડ-પછી ખાં સાહેબે તોડીમાં 'ધમાર' ચાલુ કર્યો. બંદિશના શબ્દો હતા- 'કૈસે તુમ ચતુર ખિલારી, શ્યામ મુરારિ'. ધમાર ચૌદ માત્રાનો તાલ છે, એમાં બંદિશના શબ્દોમાં હોળી સમયે કૃષ્ણની રમતોનું વર્ણન હોય છે ને સાધારણ રીતે ધ્રુપદ શૈલીનું ગાન ગાનારા એ ગાતા હોય છે. (agragharana.com રસપ્રદ ઇતિહાસ આપે છે. આ ગાયિકીના મૂળ અલાઉદ્દીન ખીલજીના સમયમાં ગવાતી નૌહર બાનીમાં છે. આગ્રા ઘરાણામાં ધ્રુપદ-ધમાર પહેલેથી જ ગવાતાં હતા. આગ્રા ઘરાણાના ઉસ્તાદ ઘધ્ધે ખુદાબક્ષે ગ્વાલિયર ઘરાણાના નથ્થન પીરબક્ષ પાસે ખ્યાલ ગાનની તાલીમ લઈને એમાં ખ્યાલ શૈલીનું ગાન ઉમેર્યું.)

મારી જોડે બેઠેલા ક્ષેમુભાઈએ મને આંગળીના વેઢાંથી માત્રા ગણીને શાસ્ત્રીય ગાયનમાં લય સાથે સૂરની મજા લેતા શીખવાડ્યું. સમ-પ્રથમ માત્રા જ્યાંથી તાલનું ચક્ર શરૂ થાય છે. એનો મહિનો સમજાવ્યો. એ દિવસે સંગીત શ્રવણનો પ્રથમ પાઠ હું શીખ્યો—રાગના માળખામાં રહીને એમાં પોતાનો રંગ પૂરે, કાર્યક્રમ દરમિયાન કલાકારની જે ઊપજ થાય તેમાં જ તત્ક્ષણ સર્જન થતું માણી શકાય. એ જ કલાકાર બીજે દિવસે એ જ રાગ ગાય ત્યારે જુદી ઊપજ થાય. આ માટે એની તૈયારી, રિયાઝ અને અંદરની મસ્તી મદદે આવે. એક માત્રા અને બીજી માત્રા વચ્ચે માત્ર એક જ માત્રા છે, પણ એ એક માત્રામાં સંગીતનું સર્જન થાય છે. આજે પણ શાસ્ત્રીય સંગીત માણતી વખતે આંગળીનાં વેઢાંથી માત્રા ગણીને સર્જનની એ ક્ષણ પકડવાનો પ્રયાસ ચાલુ છે.

ધમાર પછી દ્રુત ત્રિતાલમાં એકની ઉપર એક તાન જાણે કે અર્જુનના બાણની જેમ આવ્યે જતી હતી. પતિયાલા ઘરાણાના ઉસ્તાદ ફતેહ અલી ખાનની તાન માટે રાગ

અડાણામાં એક બંદિશ છે—'તાન કપતાન કી ઐસી ફિરત, જૈસે અરજુનજી કે બાન'.

વિખ્યાત તસવીરકાર શ્રી અશ્વિન મહેતાના પુસ્તક 'છબિ ભીતરની'માં એમણે શરાફત ખાન સાહેબની તાન માટે 'શરાફતી તાન' શબ્દપ્રયોગ કર્યો છે. એમણે નોંધ્યું છે કે શરાફત ખાનના ગાનમાં નર્મદીય જુસ્સો અને સ્વામી રામતીર્થની મસ્તી હતા ને સાથે હાથિયા થોરનાં લાલ ફૂલો પર ઝિલાતી ઝાકળની નજાકત હતી.

મુસ્લિમ ગાયકો દ્વારા ગવાતી કૃષ્ણની બંદિશો અંગે મારા નિખાલસ પ્રશ્નનો મને સંગીત શીખવવા આવતા આગ્રા ઘરાણાના ઉસ્તાદ ગુલામ અહેમદ ખાનસાહેબે ઉસ્તાદ ફૈયાઝ ખાનના શબ્દોમાં કાવ્યાત્મક જવાબ આપ્યો—'કાના બિના ક્યા ગાના!' (ફૈયાઝ ખાન સાહેબ ગુજરાતમાં વડોદરાના રાજ્યાશ્રયમાં હતા. કહે છે કે ક્યારેક તેઓ 'મા પાવા તે ગઢથી ઉતર્યાં' ગરબો પણ ગાતા!) સાહેબે એમ પણ કહ્યું કે આલાપમાં 'અનંત હરિ નારાયણ' ગાઈને દૈવી પ્રેરણાની પ્રાર્થના કરવામાં આવે છે.

ઘણાં એમ કહે છે કે શાસ્ત્રીય સંગીત ખૂબ ધીમું હોય છે કે વિલંબિત લયમાં શાસ્ત્રીય સંગીત રોજિંદી ભાગદોડની લય ધીમી કરી આપણને અંદરથી શાંત કરે છે. રાજેન્દ્ર શાહના 'શ્રાવણી મધ્યાહ્ન' કાવ્યની પંક્તિઓ યાદ આવે છે—

**જેવું વિલંબિત લયે મૃદુ મંદ ગાન**
**તેવું જ મારું સહજે ઉર સ્પંદમાન.**

સંગીતશાસ્ત્રી ફૌક્સેને 'સંગીત-દર્પણ' પુસ્તકનો અનુવાદ કર્યો છે તેમાં તોડી રાગનું વર્ણન છે: 'With a fair erect body like the white lotus and delicate like the gleaming dew drop, Todi... provides fun and frolic to the deer deep in the forest. Her body is anointed with saffron and camphor'.

કવિ રાજેન્દ્ર શાહે 'રાગિણી' સૉનેટમાળા આપી છે. તોડી રાગ ઉપરની કેટલી પંક્તિઓ જુઓ:

**વિશ્રમ્ભથી વનવિહંગ કુરંગ જો ને**
**સાન્નિધ્ય-નિર્મલ-સુધાનું કરન્ત પાન**
**લજ્જા ઢળેલ દગથી ઉર દિધ જોડી**
**હે રાગિણી, પ્રિય! તું યૌવનરમ્ય તોડી.**

મધ્યકાળમાં ચિત્રકારોએ રાગો ઉપર દોરેલાં ચિત્રોમાં તોડી રાગ વર્ણવતાં ચિત્રો છે. આ ચિત્રોમાં દર્શાવાયા પ્રમાણે તોડી વિરહનો ઉત્કટ ભાવ વ્યક્ત કરતો રાગ છે. (https://chandrakantha.com/raga_raag/mian_ki_todi/miyan_ki_todi.html); (https://www.artgallery.nsw.gov.au/collection/works/110.1986/)

તોડીનો એક પ્રકાર ગુર્જર તોડી છે, જે ગુર્જર પ્રદેશની (હાલનું ગુજરાત)પ્રજાના લોકસંગીતનો રાગ છે. (કેટલાંક સંગીતશાસ્ત્રીઓ એમ માને છે કે ગુર્જરી તોડી મૂળ રાગ છે ને એમાં પંચમ સ્વર લેવાય ત્યારે મિયાં કે તોડી થાય છે.) મિયાં કી તોડીમાં સ્વરો 'રે' (રિષભ), 'ગ' (ગંધાર), 'ધ' (ધૈવત) કોમળ છે ને 'મ' (મધ્યમ) તીવ્ર. આ સ્વરોની વચ્ચે ગાયક સ્વર 'પ' (પંચમ) ક્યારે ને કેવી ભાવપૂર્ણ રીતે લેશે એની ભાવકોને ઉત્સુકતા હોય છે. માટે જ રાજેન્દ્ર શાહના 'તોડી' સૉનેટમાં આ પંક્તિઓ પણ છે—


**ને ત્હારું જ્યાં દ્રવતું પંચમસૂર ગાન,**
**એકાન્ત શૂન્યરવ તે કશું લોલ બોલે!**

નરસિંહ મહેતાના કેટલાંક પદોની ઉપર રાગનાં નામ લખ્યાં છે એમાં રાગ ટોડી લખેલું છે- 'જાઓ જી તમ શું નહીં બોલું', 'આજ મારે આંગણે આવીને કહાનજીએ વેણુ વાઈ રે' તોડી રાગ પર આધારિત કેટલાંક સ્વરાંકનો યાદ આવે છે—માધવ રામાનુજનું ક્ષેમુભાઈએ સ્વરાંકિત કરેલું ને ફિલ્મ 'કાશીનો દીકરો'માં વિભા દેસાઈના કંઠમાં

ગવાયેલું ગીત—'રોઈ રોઈ આંસુની ઊમટે નદી તો એને કાંઠે કદમ્બ વૃક્ષ વાવજો' (https://youtu.be/Jhf8uvwrrQI), પંડિત રવિશંકરે 'મીરાં' ફિલ્મ માટે સ્વરબદ્ધ કરેલું મીરાંનું પદ—'હે રી મેં તો પ્રેમદીવાની' (https://youtu.be/QzKQmyZklGA), ફિલ્મ 'અમરપ્રેમ'નું આર.ડી.બર્મનનું લતાજીએ ગાયેલું અમર ગીત—'રૈના બીતી જાયે' (https://youtu.be/RRk9pG5Upe4).

શરાફત ખાનસાહેબ ૫૫ વર્ષની વયે અવસાન પામ્યા. એમનું સંગીત બહુ ઓછું સચવાયું એવો અફસોસ હું ઘણી વાર કરતો. ૧૪ જાન્યુઆરી, ૨૦૧૭—ઉતરાણને દિવસે સવારે હું ખાં સાહેબનું કોઈ ધ્વનિમુદ્રણ યુટ્યુબ પર છે કે નહીં તે 'સર્ચ' અને 'સર્ફ' કરતો હતો. રાગ તોડીનું નાનપણમાં માણેલા એ કાર્યક્રમનું જ ધ્વનિમુદ્રણ મળ્યું—https://youtu.be/6-ash1p3hnE! મેં સાંભળેલા શાસ્ત્રીય સંગીતના પ્રથમ કાર્યક્રમની ચાલીસ વર્ષ પછી ફરીથી માણવાનો રોમાંચ એટલો બધો હતો કે મેં એ ઉત્તરાયણે અગાશીને બદલી ઘરમાં જ સંગીત શ્રવણની સુરીલી યાદોના પતંગ ઉડાડ્યા. શરાફત ખાનસાહેબનું ગાયન મને કવિતા, ઇતિહાસ, ચિત્રકલા, ફોટોગ્રાફી પાસે પણ લઈ ગયું ને કલાકારોમાં રહેલી સર્વધર્મસમભાવની ભાવનાનો અહેસાસ કરાવી ગયું. વધુમાં સાંભળવા મળ્યા શરાફત ખાનના ગાયેલા તોડી કુટુંબના અન્ય રાગો બિલાસખાની તોડી (https://youtu.be/o7IRU-TAKK4) ને બહાદુરી તોડી (https://youtu.be/9GD2PZxFoyk). તમે પણ તમારું એકાંત શણગારો.

**(સાભાર: વિશ્વકોશ, વિશ્વવિહાર)**



# માતાના હૃદયથી છલકેલો રંગ-ઉમંગ રંગસભર સ્નેહાંજલિ રૂપે પ્રગટ્યો





તાજેતરમાં નમન આર્ટ ગેલેરીમાં શૈલા શુક્લના ચિત્રોનું પ્રદર્શન યોજાઈ ગયું. આ પ્રદર્શનનું ઉદ્દ્‌ઘાટન જાણીતા ચિત્રકાર તથા કલાવિવેચક નટુભાઈ પરીખ દ્વારા કરવામાં આવ્યું. જાણીતા ચિત્રકાર મનહર કાપડિયાના માર્ગદર્શન અને સહકાર થકી આ આયોજન શક્ય બન્યું હતું. ગાંધી સાહિત્યનું સર્જન કરનારાં કેનેડા સ્થિત દર્શનાબેન લીમ્બાચીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ તમામ મહાનુભાવોના દીપપ્રાગટ્ય બાદ શૈલા શુક્લ દ્વારા તૈયાર થયેલાં મહર્ષિ અરવિંદ, માતાજી, સાંઈબાબા, રંગ અવધૂત મહારાજ, ગણેશજી, ભગવાન શિવ વગેરેના પોર્ટ્રેટનું પ્રદર્શન કલારસિકો માટે ખુલ્લું મુકાયું હતું.

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ શૈલા શુક્લ અમદાવાદમાં સ્થાઈ થયાં છે અને શાળામાં ચિત્રકામ શીખવી રહ્યાં છે. ગયા વર્ષે તેમના નાના પુત્રના અકાળ અવસાન બાદ તેઓ ભારે ડિપ્રેશન અને યાતનાસભર સંજોગોમાંથી પસાર થયાં. ત્યારે તેમને ખ્યાલ નહોતો આવતો કે હવે શું કરવું ત્યારે તેમના દીકરાના શબ્દો તેમની વ્હારે આવ્યા. કારણ કે તે કાયમ કહેતો કે જવાબદારીમાંથી તું મુક્ત થાય ત્યારે ચિત્રો બનાવજે અને આમ તેમણે પુત્રને ચિત્રરૂપે શ્રદ્ધાંજલિ આપવાનું નક્કી કર્યું. માતાના હૃદયથી છલકેલો રંગ-ઉમંગ રંગસભર સ્નેહાંજલિ રૂપે પ્રગટ્યો અને 'નિર્મલ' સંબંધની પ્રતીતિ કરાવી.

તારીખ ૨૦ ફેબ્રુઆરીથી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ ગયેલા આ ચિત્ર પ્રદર્શનને ઘણાં બધા કલારસિકોએ માણ્યું.

# ગુજરાતી ભાષાનાં ગીત-સંગીતનો જલસો : પારિજાત






જલસો મ્યુઝિક એપ દ્વારા બે દિવસીય સંગીતના ઉત્સવ 'પારિજાત'નું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદના ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે તારીખ ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાયેલા આ કાર્યક્રમનો પ્રારંભ કવિ તુષાર શુક્લ, પરિમલ નથવાણી, અમમ શાહ તથા બિનીતા શાહના હસ્તે દિપ પ્રાગટ્યથી થયો.

કાર્યક્રમનો ઉઘાડ જાણીતા કવિ અને સંચાલક તુષાર શુક્લના શબ્દોથી થયો. ગાર્ગી વોરા અને હિમાલી વ્યાસ દ્વારા તેમના સોલો અને યુગલ ગીતોની પ્રસ્તુતિ કરવામાં

આવી. કાર્યક્રમના દ્વિતીય દૌરમાં નયનેશ જાનીએ ગઝલની પ્રસ્તુતિ કરી જ્યારે આનલ વસાવડાએ તુષાર શુક્લની રચના રજૂ કરી.




જલસો 'પારિજાત'ના ત્રીજા અને અંતિમ ચરણમાં લોકપ્રિય ભજનિક હેમંત ચૌહાણ, મયુર ચૌહાણ અને ગીતા ચૌહાણે ભજનોની રમઝટ બોલાવી.



કાર્યક્રમના દ્વિતીય દિવસે ગાયક-સ્વરકાર ઉદય મઝુમદાર, રેખા ત્રિવેદી અને ઉપજ્ઞા પંડ્યાએ ગીતોની પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમમાં સ્વરકાર-સંગીતકાર ગૌરાંગ વ્યાસ અને રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી દ્વારા જાણીતા ગાયિકા કૌમુદી મુનશીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના બીજા ચરણમાં જાણીતા ગાયક અને સ્વરકાર આશિત દેસાઈ અને હેમા દેસાઈએ તેમના લોકપ્રિય સ્વરાંકનોની પ્રસ્તુતિથી શ્રોતાઓના દિલ જીતી લીધા હતા. અને છેલ્લાં ચરણમાં લોકપ્રિય કલાકાર ઓસમાણ મીરે પોતાની ગાયિકી દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.




'પારિજાત'નું સંપૂર્ણ સંચાલન નૈષધ પુરાણીએ કર્યું હતું. જ્યારે સંગીત સંચાલન અમિત ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. અમદાવાદનાં સંગીતપ્રેમીઓએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને વધાવ્યો હતો.




# પુલવામા ખાતે શહાદત વહોરી લેનારા જવાનોને અંજલિ


સૌમિલ મુનશી

પુલવામા ખાતે શહાદત વહોરી લેનારા જવાનોને અંજલિ અર્પતો એક ઉપક્રમ તારીખ ૨૧મી ફેબ્રુઆરીના રોજ પ્રકાશ હાઈસ્કૂલ ઓડીટોરીયમ ખાતે યોજવામાં આવ્યો.


આરતી મુનશી

ઋષિ ભીમાણી તથા ધ્રુવીશ શાહ આ બે નવયુવાનોના પ્રયત્નો થકી 'શહીદોને સ્વરાંજલિ' શીર્ષક હેઠળ આ આયોજનમાં બ્હોળી સંખ્યામાં ભાવકો ઉપસ્થિત રહ્યા હતા અને શહીદોને અંજલિ આપી હતી તથા તેમના આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના કરી હતી.


તુષાર શુક્લ

ડૉ. પાયલ વખારિયા તથા ધ્રુવીશ શાહ દ્વારા દેશભક્તિના કેટલાંક ગીતોની રજૂઆત કરવામાં આવી હતી.


ધ્રુવિશ શાહ

આ પ્રસંગે નમ્રતા શોધન, નયન પંચોલી, આરતી મુનશી તથા સૌમિલ મુનશીએ કેટલીક ભાવસભર પ્રસ્તુતિ કરી હતી. સમ્રાટ દવે, ડૉ. દર્શના ઠક્કર તથા જાણીતા કવિ તુષાર શુક્લ દ્વારા ચિંતનાત્મક તેમજ લાગણીસભર ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું.



સમ્રાટ દવે

તેજસ મજમુદારે વિવિધ કાવ્યકણિકાઓ વડે સંકલન કર્યું હતું.



નમ્રતા શોધન

આખોય ઉપક્રમ જીવનતીર્થ ફાઉન્ડેશન, સ્પર્શ ફાઉન્ડેશન, હિપોલીન, ગુજરાત કેન્સર સોસાયટી, એચ. બી. કાપડિયા સ્કૂલ ટ્રસ્ટ, પામ ગ્રીન્સ ક્લબ તથા અન્ય નામી-અનામી દાતાઓના સહકારથી શક્ય બન્યો હતો.



ડૉ. દર્શના ઠક્કર



તેજસ મજમુદાર

પ્રકાશ સ્કૂલના ટ્રસ્ટીઓ, વાદ્યવૃંદના કલાકારો તેમજ અન્ય એજન્સીઓનો વિશેષ સહકાર આ ઉમદા કાર્ય માટે મળ્યો હતો.


## FORM IV

Statement about ownership and other particulars about newspaper **SWARSETU NEWS DIGEST (Gujarati Monthly)** to be published in the first issue every year after the last day of February

| | | | |
|---|---|---|---|
| 1. | Place of publication | : | 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati, Ellisbridge, AHMEDABAD – 380 006 |
| 2. | Periodicity of its publication | : | MONTHLY |
| 3. | Printer's Name | : | SAUMIL PARESH MUNSHI |
| | Nationality | : | Indian |
| | Address | : | 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati, Ellisbridge, AHMEDABAD – 380 006 |
| 4. | Publisher's Name | : | SAUMIL PARESH MUNSHI |
| | Nationality | : | Indian |
| | Address | : | 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati, Ellisbridge, AHMEDABAD – 380 006 |
| 5. | Editor's Name | : | SAUMIL PARESH MUNSHI |
| | Nationality | : | Indian |
| | Address | : | 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati, Ellisbridge, AHMEDABAD – 380 006 |
| 6. | Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding More than one per cent of the total capital. | : | SAUMIL PARESH MUNSHI – Proprietor 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati, Ellisbridge, AHMEDABAD – 380 006 |

I, **SAUMIL PARESH MUNSHI**, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 10th April, 2015

Sd/-
Signature of Publisher :
(SAUMIL PARESH MUNSHI)



વિનોદ જોશી

# માદક મસ્તી અને અલ્લડ મિજાજની ગઝલ



લે, આ મારી જાત ઓઢાડું તને,
સાહેબા! શી રીતે સંતાડું તને?

તું રહે દિલમાં કે આંખોમાં રહે,
ક્યાંય પણ નીચો નહીં પાડું તને;

કાંઈ પણ બોલ્યા વગર જોયા કરું,
મૌનની મસ્તીથી રંજાડું તને;

તું નહીં સમજી શકે તારી મહેક,
લાવ, કોઈ ફૂલ સુંઘાડું તને;

હૂબહૂ તારી જ લખવી છે ગઝલ,
તક મળે તો સામે બેસાડું તને;

કો'ક દિ' એકાંતમાં ખપ લાગશે,
લાવ, મારી યાદ વળગાડું તને;

તેં નિકટથી ચંદ્ર જોયો છે કદી?
આયનો લઈ આવ, દેખાડું તને;

ઘર સુધી તું આવવાની જિદ ન કર,
ઘર નથી, નહિ તો હું ના પાડું તને?

તું 'ખલીલ' આકાશને તાક્યા ન કર,
ચાલ, છત પર ચંદ્ર દેખાડું તને.

— ખલીલ ધનતેજવી

પ્રેમની માદક મસ્તી અને અલ્લડ મિજાજની આ ગઝલ અત્યંત ભાવપ્રચુર છે. સામાન્ય રીતે ગઝલ નાયકની ઉક્તિરૂપે મળતી હોય છે. અહીં નાયિકાના મુખે વાત કહેવાય છે. પ્રત્યેક શે'રમાં અનુભવાતી ભાવાભિવ્યજંકતા કાવ્ય સૌંદર્ય તો પમાડે જ છે, સાથે નારીવિશિષ્ટ મનોદશાનું ચિત્ર પણ આંકે છે.

પહેલા શે'રમાં જ 'સાહેબા' કહીને પોતાના પિયુને સંબોધન થાય છે. સાથોસાથ એને કોઈ જોઈ ન જાય તે માટે સંતાડી દેવાની ચિંતા પણ વ્યક્ત થાય છે. આ નાયિકાને દહેશત છે કે કોઈ પોતાના પિયુને પોતાની પાસેથી છીનવી જશે તો? સંતાડી દેવા માટે એની પાસે કોઈ આશ્રય તો નથી. આ સ્થિતિમાં એ શું કરી શકે? એ કહે છે:

'લે આ મારી જાત ઓઢાડું તને. પંડનાં પાથરણાં કરવાની વાત આપણા લોકસાહિત્યમાં આવે છે. આધુનિક કવિ અનિલ જોશીના એક ગીતની પંક્તિમાં નાયિકાનો આવો ઉદ્‌ગાર છે:

**પાથરણાં કેમ કરું પંડ્યનાં રે,**
**હું તો થઈ ગઈ સરગવાની શીંગ.**

પિયુના વિરહમાં દુબળી થઈ ગયેલી એ કાવ્યનાયિકા હવે પથરાઈ શકે તેવી રહી નથી. પણ અહીં તો તેનાથી ઊંધી વાત ચાલે છે. આ પ્રણયમુગ્ધા તો એમ કહે છે કે હું જાતને ઓઢાડી દઈશ. પાથરણાં પરથી તો કોઈ ઊઠીને ચાલતું થઈ શકે, પણ ઓઢવાનું ખસેડ્યા વગર ખસી શકાતું નથી તેવી પ્રતીતિ અને અધિકારભાવ બહુ માર્મિક રીતે અહીં અભિવ્યક્ત થયા છે. જાતને ઓઢાડી દેવાની વાત સ્થૂળ સંકેતમાંથી ખસી જઈ આપણને ખબર પણ ન પડે તે રીતે, સમર્પણભાવ સુધી જઈ પહોંચે છે. તેમાં ઊંચી કવિતા દૃષ્ટિગોચર થાય છે.

સ્વાભાવિક રીતે જ, જેને આટલું સમર્પણ કરવા સુધીની તૈયારી દર્શાવી છે તેની આમન્યા કે માન-મર્યાદા જાળવવાનું પણ આ નાયિકા જાણે છે. એને માટે એણે બે આશ્રયસ્થાન નક્કી કરી આપ્યા છે. હૃદય અને આંખો. પિયુ આ બંનેમાંથી એને પસંદ પડે ત્યાં રહે. પોતે તો એટલું જ જોવાનું છે કે આ સ્થાનોએથી એને લગીરે નીચો દરજ્જો આપે નહીં. એટલે કે ત્યાં જ એ રહે. ધડકનમાં અને આંખોમાં જે સમાયું હોય છે તે સૌથી નિકટ હોય છે.

નાયિકા જાણે છે કે આ સ્થાન એવાં છે, જ્યાં પોતાના પિયુ સિવાય અન્ય કોઈ હોઈ ન શકે.

> 'કાંઈ પણ બોલ્યા વગર જોયા કરું'. બોલવાનું કશું છે નહીં તેમ નથી, પણ જે કહેવું છે તેને માટે ભાષા સાંકડી પડે છે.

હવેના શે'રમાં 'રંજાડવું' ક્રિયારૂપનો ઉપયોગ થયો છે. તેનો અર્થ આમ તો નકારાત્મક થાય છે, પણ અહીં એક નિર્દેશ પ્રેમચેષ્ટાનો સુકુમાર આવિષ્કાર થતો દેખાય છે. નાયિકા કહે છે કે: 'કાંઈ પણ બોલ્યા વગર જોયા કરું'. બોલવાનું કશું છે નહીં તેમ નથી, પણ જે કહેવું છે તેને માટે ભાષા સાંકડી પડે છે. અધૂરા વ્યક્ત થવાય તે નાયિકાને મંજૂર નથી. એટલે તે સર્વોપરિ એવી મૌનની ભાષા પ્રયોજે છે. જે કંઈ કહેવું છે તે આંખો કહેવા લાગે છે અને એમાં છલકાતી મસ્તી સામેની વ્યક્તિના હોશ ઉડાડી મૂકે છે. આપણે જાણે કોઈ ફોટોગ્રાફ કે ચિત્ર જોઈ રહ્યા હોઈએ તેવી પ્રતીતિ આ શે'ર વાંચતા થાય છે.

નાયિકાને દહેશત છે કે પોતાનો પ્રિયતમ એ જાણતો નથી કે પોતે અન્યને ઘડીમાં તરબતર કરી નાખે તેવો છે, પણ એને એની સુગંધનો ખ્યાલ નથી. એ સુગંધથી તો નાયિકા ખુદ ઘાયલ થયેલી છે, પણ સુગંધની વ્યાખ્યા કરી ન દેખાડે ત્યાં સુધી પોતાની પાસે શું છે તે કાવ્યનાયક જાણી શકવાનો નથી. પણ આ નાયિકા ભારે ચતુર છે. એ સુગંધની વ્યાખ્યા

કરવાને બદલે નાયકને ફૂલ સુંઘાડીને વગર ભાષાએ સુગંધનો અર્થ સમજાવવા ઇચ્છે છે. વળી એ તો પ્રિયતમની હૂબહૂ છબી શબ્દસ્થ પણ કરવા ચાહે છે અને એ બહાને પ્રિયતમને સામે બેસાડવાનો લાભ પણ મેળવી લેવાનો કીમિયો કરે છે. જો કે એમાં 'તક મળે તો' એવી ડગુમગુ થતી આસ્થાનો અણસાર છે, પણ પ્રિયતમના સાન્નિધ્યની તીવ્ર ઝંખના પણ પડેલી છે.

કાવ્યનાયિકા એ જાણે છે કે પોતાના પ્રેમની પાક્કી જાણ કે પ્રતીતિ પોતે હજી કરાવી શકી નથી. પોતે હાજર ન હોય અને પિયુ એને એકાંતમાં સ્મર્યા કરે એવું કશુંક બનવું જોઈએ. તો શું કરી શકાય? નાયિકા કહે છે:

**કો'ક દિ એકાંતમાં ખપ લાગશે,**
**લાવ, મારી યાદ વળગાડું તને.**

અહીં 'વળગાડું' શબ્દ ખૂબીપૂર્વક વપરાયો છે. જે નથી આરોપી શકાયું તે આરોપવા માટે આ શબ્દ છે. ઊંડેઊંડે હજી નાયિકાને એમ છે કે પોતાના પ્રેમની પ્રતીતિ પોતે કાવ્યનાયકને કરાવી શકી નથી. પ્રેમના આરોપણ જેવી સ્થૂળ ઘટના પણ એને માન્ય છે. ક્યારેક ખપ લાગશે એવો આસ્થાવાદ અહીં પણ છલકાયો છે. જલન માતરીએ ઈશ્વર વિશે એક શે'ર કહ્યો છે:

**હું એટલા જ માટે તો નાસ્તિક નથી થયો,**
**ઈશ્વર હશે તો કો'ક દિવસ કામ આવશે.**

કો'ક દિવસ નામે સમયના એક પડાવ અંગે આપણે કેટલા બધા અજાણ હોઈએ છીએ! આ કવિ અહીં યાદ ખપ લાગશે તેવી શ્રદ્ધા રાખે છે. એ નાયિકા મુખે એક પ્રશ્ન પૂછાવડાવે છે: 'તેં નિકટથી ચંદ્ર જોયો છે કદી?' આપણા સંસ્કૃત ભાષાના કવિઓએ આવા પ્રશ્નો બહુ કરાવડાવ્યા છે. અહીં ચંદ્ર એ કેવળ આકાશમાં દેખાતો ચંદ્ર છે તેમ નથી.

નાયિકા ખુદ પોતાના પ્રિયતમના સૌંદર્યથી અભિભૂત થઈ ગયેલી છે. નાયક એ જાણતો નથી અને એટલે એની સામે અરીસો ધરી એનો ચંદ્ર જેવો ચહેરો દેખાડી દેવાની નાયિકા અભિલાષા રાખે છે. સંસ્કૃત કવિઓએ ચંદ્ર સાથે શીતળતા અને પવિત્રતા જેવા લક્ષણો જોડીને તેનાં અર્થઘટનો કર્યા છે. અહીં પણ ચંદ્ર જેવો સોહામણો લાગતો પ્રિયતમ એના વ્યક્તિત્વની શીતળતા અને પવિત્રતાથી નાયિકાને પ્રભાવિત કરે છે.

નાયિકા પોતાના પ્રિયતમની એક જિદ પાસે લાચાર બની જાય છે. એને પોતાનું ઘર નથી અને પિયુ ઇચ્છે છે કે એ એના ઘરે જાય. 'ઘર નથી, નહીં તો હું ના પાડું તને?' એવા ઉદ્‌ગારમાં નાયકને લાક્ષણિક આવકાર આપવાની રીત પ્રેમની અનોખી છટાને વ્યક્ત કરે છે. સાથોસાથ 'ઘર' શબ્દનો સ્થૂળ અર્થ અહીં ઓગળી જાય છે અને આવવું જ હોય તો ઘર જ શા માટે? હૃદયમાં પણ આવી શકાય છે તેવી મોકળાશ પણ આપી દેવાય છે.

છેલ્લા શે'રમાં તો નાયિકા પોતાને, ખુદને જ ચંદ્ર તરીકે ઓળખાવી દે છે. 'ચાલ, છત પર ચંદ્ર દેખાડું તને' એમ કહીને આકાશને નહીં તાક્યા કરવાની સૂચનાનો અર્થ બીજો શો થાય? અગાઉ એક શે'રમાં નાયિકા નાયકને ચંદ્ર જેવો સોહામણો કહે છે ત્યારે તેની સામે હવે પોતે પણ એની સમાંતરે પોતાની જાતને મૂકી દઈ પરસ્પરનો મહિમા કરે છે. ચંદ્ર નજર સામે જ હોય ત્યારે આકાશમાં તે જોયા કરવો જરૂરી નથી. કોઈ હિન્દી ફિલ્મગીતમાં એવી પંક્તિઓ સાંભળી છે:

**તુઝે ચાંદ કે બહાને દેખું,**
**તૂ છત પર આજા ગોરિયે...**

આ ગઝલની સાથે એ પંક્તિઓને પણ લિજ્જતથી મમળાવીએ તો?

# શિવરંજની સંસ્થા દ્વારા 'વસંતના વધામણા' કાર્યક્રમથી ફેલાયો વાસંતી વૈભવ




ગાંધીનગરની જાણીતી કલાસંસ્થા 'શિવરંજની' દ્વારા તારીખ ૧૬મી ફેબ્રુઆરીનાં રોજ 'વસંતના વધામણાં' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વસંતઋતુને વધાવતા ગીતોની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. પ્રકૃતિ ઉપરાંત વસંતઋતુની માનવમન પર પણ જે અસર થાય છે તે અસરને ગીતો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. હિન્દી ઉપરાંત ગુજરાતી ભાષાના ગીતોની રજૂઆત નીરજ પાઠક, આનલ વસાવડા, પ્રહર વોરા અને સંપદા વોરા દ્વારા કરવામાં આવી હતી. સંચાલક તુષાર જોશીએ શબ્દસુતે રચી વાસંતી વાતાવરણ ઊભુ કર્યું હતું. કાર્યક્રમનું સંગીત સંચાલન મયૂર દવેએ કર્યું હતું. શિવરંજની સંસ્થાના વાગ્મિન બુચ અને મિત્રોએ કાર્યક્રમની સફળતાને વધાવી હતી.

# શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા દ્વિતીય દ્વાદશ જ્યોતિર્લિંગ સમારોહ-૨૦૧૯નું આયોજન કરાયું




જયમીન વૈદ્ય, ઋજુલ શાહ, અંકિત ક્રિસ્ટી, સૌમિલ, આરતી, કૃતિ, સંપદા

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા દ્વિતીય દ્વાદશ જ્યોતિર્લિંગ સમારોહ-૨૦૧૯નું આયોજન મહા વદ ચોથથી મહા વદ સાતમ સુધી કરવામાં આવ્યું હતું. વૈશ્વિક સ્તરે દ્વાદશ જ્યોતિલિંગના માહત્મ્યને ઉજાગર કરવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું. આધ્યાત્મિક મનોભાવની સાથે ધાર્મિક પર્યટનના વિકાસના હેતુ સાથે વિવિધ પરિચર્ચા તથા કાર્યક્રમો યોજવામાં આવ્યા.

સમારોહનું ઉદઘાટન માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવ્યું. શ્રી કેશુભાઈ પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.






આ પ્રસંગે તારીખ ૨૩મી ફેબ્રુઆરી (મહા વદ ચોથ)ના રોજ શ્યામલ-સૌમિલ અને કલાકાર વૃંદ દ્વારા ભક્તિસંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી. શિવાષ્ટકમ્, શિવ પંચાક્ષરસ્તોત્રમ્, બિલ્વાષ્ટકમ્, શિવતાંડવ અને અન્ય શિવધૂનની રજૂઆત કલાકારો દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આરતી મુનશી, સૌમિલ મુનશી, સંપદા વોરા, કૃતિ શાહ, ઋજુલ શાહ, અંકિત ક્રિસ્ટી અને જૈમીન વૈદ્ય દ્વારા સમૂહસ્વરોમાં શિવમહિમ્ન: સ્ત્રોતમની રજૂઆત કરવામાં આવી હતી. જેના દ્વારા એક દિવ્ય વાતાવરણ ઊભું થયું હતું.

સમારોહમાં શ્રી પી. કે. લહેરી (ભૂતપૂર્વ સચીવશ્રી), શ્રી આધ્યાત્માનંદજી, શ્રી કેશુભાઈ પટેલ (ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી) ઉપરાંત દ્વાદશ જ્યોતિર્લિંગના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આવા સુંદર અને ભવ્ય આયોજન બદલ સૌએ સોમનાથ ટ્રસ્ટને અભિનંદન પાઠવ્યા હતા.



# વસંતપંચમી નિમિત્તે સુરીલી સવાર





ઋતુચક્ર બદલાતું રહે છે. પરંતુ રોજબરોજની દોડધામ અને વ્યસ્તતામાં આપણે એને માણી શકતા નથી કે ઓળખી શકતા નથી. કદાચ ઋતુજન્ય બીમારી થકી જ આપણે આ બદલાવ ઓળખતાં થઈ ગયા છીએ! આવા જ સમયમાં વાસંતી વાયરા અને ફૂલોના રંગના સંગમાં સ્પર્શ ફાઉન્ડેશન દ્વારા વસંતપંચમી નિમિત્તે એક સુરીલી સવારનું આયોજન કરવામાં આવ્યું. શ્રેયસ ફાઉન્ડેશનના પટાંગણમાં તારીખ ૧૦મી ફેબ્રુઆરીના રોજ વસંતઋતુને વધાવતાં ગીતોનો કાર્યક્રમ ધ્રુવીશ શાહ અને ડૉ. સાવની શાહ દ્વારા કરવામાં આવ્યો હતો. શબ્દસેતુ ડૉ. દર્શના ઠક્કરે બાંધી આપ્યો હતો. તેમની જ પરિકલ્પના વડે તૈયાર થયેલ આ કાર્યક્રમમાં એકત્ર થયેલી રકમ કિડની ટ્રાન્સપ્લાન્ટના દર્દીઓની સહાય માટે આપવાનો સંકલ્પ સ્પર્શ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યો.

કડકડતી ઠંડી હોવા છતાં પણ આ પ્રવૃત્તિને પ્રેમ કરનારા ભાવકો ઉપસ્થિત રહ્યા હતા અને વાસંતી પ્રેમ છલકાવ્યો હતો.

# ધ્યાન સ્વામીબાપા ઍવૉર્ડ અર્પણ સમારોહ યોજાયો




પૂજ્ય મોરારિબાપુની નિશ્રામાં સેંજળધામ ખાતે ધ્યાન સ્વામીબાપા ટ્રસ્ટના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતા ધ્યાનસ્વામી બાપા ઍવૉર્ડ અર્પણ વિધિ સમારોહ તારીખ ૧૯ ફેબ્રુઆરીના રોજ સંપન્ન થયો. નવમા ધ્યાનસ્વામીબાપા ઍવૉર્ડ સમારોહના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્ય મોરારિબાપુએ જણાવ્યું કે, 'સમાધિઓ સદા ચેતન હોય છે, તેના સુધી પહોંચવા માટે સ્વરૂપ અનુસંધાન જરૂરી છે. જે ભગવાન શંકર દ્વારા આપવામાં આવી છે. સમાધિનો એક અદ્‌ભુત મારગ ભજન છે અને છેલ્લે સાધુ સ્વયં સમાધિ છે. સાધુતા મહત્ત્વની છે. ભજન, સાધના અને તપસ્યા વધશે તો સમાધિઓ વધુ આશીર્વાદ આપશે.'

કાર્યક્રમમાં મહામંડલેશ્વર શ્રીશ્રી ૧૦૦૮ શ્રી વસંતબાપ હરિયાણી, શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા, સાયલાના મહંત શ્રી દુર્ગાદાસબાપુ, જૂનાગઢના મહામંડલેશ્વર શ્રી જગુબાપુ ઉપરાંત કચ્છ-કાઠિયાવાડની અનેક જગ્યાઓના સંતો-મહંતો અને ભાવકોની ઉપસ્થિતિમાં ચલાળા દાનબાપુની જગ્યાના ગાદીપતિ શ્રી વલકુબાપુને શ્રી ધ્યાનસ્વામીબાપા ઍવૉર્ડ અર્પણ કરીને તેમની ભાવવંદના કરવામાં આવી હતી.

પૂજ્ય વલકુબાપુએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું કે, 'અમને જો ભક્ત તરીકે કોઈએ જોયા હોય, જોડ્યા હોય અને સ્વીકાર્ય હોય તો તે સંત શિરોમણી પૂજ્ય મોરારિબાપુ છે. તેમણે કહ્યું કે અમારું 'જોનર' અને અમારું 'બેનર' સલામત રહે એવા આશીર્વાદ આ સમાધિઓ દ્વારા અમને મળતી રહે.'

કાર્યક્રમનું રસપ્રદ અને ભાવપૂર્ણ સંચાલન હરિશ્ચન્દ્ર જોશીએ કર્યું હતું.

**— હરેશ જોશી, કુંઢેલી**

# માતૃભાષા ગુજરાતીને સમર્પિત વિશ્વકોશ ગ્રંથ-ગૌરવ યાત્રા






ગુજરાત વિદ્યાસભા, રાષ્ટ્રીય એકતા કેન્દ્ર, ધર્મ જાગૃતિ કેન્દ્ર, માતૃભાષા અભિયાન અને ગુજરાત સાહિત્ય સભા જેવી ગુજરાતની સાહિત્યિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા ગુજરાતી વિશ્વકોશ ગ્રંથ-ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુમારપાળ દેસાઈ, ચંદ્રકાન્ત શેઠ અને ધીરુબહેન પટેલે લીલી ઝંડી આપીને એનો પ્રારંભ કર્યો હતો. એક કિલોમીટર લાંબી આ ગ્રંથ-ગૌરવ યાત્રામાં ગુજરાતની જુદી જુદી સ્કૂલ અને કૉલેજોના ૭૦૦ જેટલાં વિદ્યાર્થીઓ સામેલ થયાં હતાં. હાથીની અંબાડી પર વિશ્વકોશના ગ્રંથો મૂકવામાં આવ્યા હતા. એમાં ઊંટગાડી, બગીઓ વગેરે પણ સામેલ હતા. ગુજરાતના સાહિત્યકારો, વિદ્વાનો, વિવેચકો, સાહિત્યરસિકો, ઉદ્યોગપતિઓ, અધ્યાપકો અને સમાજસેવકો આમાં જોડાયાં હતાં. વિશ્વકોશભવનથી શરૂ થયેલી આ ગ્રંથ-ગૌરવ યાત્રાનો

સમાપન સમારોહ ગાંધી-આશ્રમના હૃદયકુંજમાં શ્રી બાલકૃષ્ણ દોશીના હસ્તે યોજાયો હતો. જેમાં વિશ્વકોશના વિદ્વાનો અને સહયોગીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યાત્રાની આગેવાની સંભાળનારા પ્રમોદ શાહે ગુજરાતની પ્રજા દ્વારા વિશ્વકોશની પ્રવૃત્તિને પોંખવાના અવસરે સહુનું સ્વાગત કર્યું હતું. કુમારપાળ દેસાઈએ કહ્યું કે વિશ્વકોશ ગૌરવ-યાત્રા એ વાસ્તવમાં તો માતૃભાષા ગુજરાતીની ગૌરવ-યાત્રા છે અને વિશ્વનું જ્ઞાન માતૃભાષામાં આપવાનો અમારો આ જ્ઞાનયજ્ઞ મહાત્મા ગાંધીજીની માતૃભાષાની ચાહનાના સ્મરણ સાથે વધુ સંકલ્પબદ્ધ બનશે.

જ્યારે પ્રવીણ લહેરીએ કહ્યું કે અંગ્રેજી ભાષાના વમળમાં આજે માતૃભાષાનો મહિમા ઘટી રહ્યો છે, પણ થોડાં જ વર્ષોમાં એ મહિમા પુનઃ સ્થાપિત થશે. પ્રમુખપદેથી બાલકૃષ્ણ દોશીએ કહ્યું કે માતૃભાષાનું નાનું ઝરણું ફૂટે અને એ નદી બને અને સાગરનું સ્વરૂપ ધારણ કરે છે. તેમ માતૃભાષા ગુજરાતી માટેની પ્રવૃત્તિઓ અને કલાપ્રવૃત્તિઓનો વિશ્વકોશ એક સાગર બની ચૂક્યું છે. આજથી એક હજાર વર્ષ પૂર્વે ગુજરાતની રાજધાની પાટણમાં 'સિદ્ધહૈમશબ્દાનુશાસન' વ્યાકરણગ્રંથને હાથીની અંબાડીમાં મૂકીને જ્ઞાનનું ગૌરવ કરવામાં આવ્યું હતું. મહારાજ સિદ્ધરાજ જયસિંહ અને એમના ગુરુ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય એ ગ્રંથયાત્રામાં પગપાળા ચાલતા હતા એ ઘટનાનું પુનરાવર્તન ગુજરાતી વિશ્વકોશની ગ્રંથ-ગૌરવ યાત્રા સમયે થયું. ડૉ. પ્રીતિ શાહ અને અજયભાઈ શાહે પણ પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં હતાં.



# ભાગ્યેશ જહાના ૬૫મા જન્મદિન પ્રસંગે 'શબ્દજ્યોતિ'







ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તારીખ ૧૮ ફેબ્રુઆરીના રોજ આત્મા હોલ, અમદાવાદ ખાતે, કવિ, નિબંધકાર ભાગ્યેશ જહાના ૬૫મા જન્મદિન પ્રસંગે 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં કવિશ્રી મેહુલ દેવકલાએ ભાગ્યેશ જહાના નિબંધો વિશે વાત કરી અને અમુક નિબંધના ખંડનું પઠન કર્યું. તેમજ કવિયત્રી પ્રાર્થના જહાએ ભાગ્યેશ જહાની જાણીતી કવિતાઓનો પાઠ કર્યો. આ કાર્યક્રમમાં સાહિત્યકાર ભાગ્યેશ જહાએ પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું અને ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજી કવિતાઓનો પાઠ કર્યો. આ પ્રસંગે માધવ રામાનુજ, વિજય પંડ્યા, મોહન પરમાર, અર્ચન ત્રિવેદી, નિસર્ગ આહીર, હર્ષદેવ માધવ, પ્રહર વોરા, અજય ઉમટ, આસિત વોરા, અશોક દવે, વિવેક દેસાઈ, ધીરેન અવાશિયા, હરદ્વાર ગોસ્વામી, રક્ષા શુક્લ જેવા કવિઓ, સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ અને સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિશ્રી મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું.



# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી. સૂર શબ્દની સાથે જોડાવ...

- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.




વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ**
ન્યૂઝ ડાયજેસ્ટ







સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹૪૦૦ (૧૨ અંક) | ₹૭૫૦ (૨૪ અંક) | ₹૧૧૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું.................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹.......................મોકલી આપુ છું,

નામ :-..........................................................................................................................

સરનામું :-..........................................................................................................................

..........................................................................................................................

ટેલિફોન નંબર :-..........................................મોબાઈલ નંબર :-...............................ઈ-મેઈલ :-..........................................

ચેક/ડી.ડી નંબર :-..........................................બેંક :-..........................................................તારીખ :-..........................


( લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.

# વિશ્વકોશમાં યોજાયો કાવ્યાંજલિનો કાર્યક્રમ




અમર ભટ્ટ, ગાર્ગી વોરા અને હસમુખ બારોટ



પદ્મભૂષણ ધીરુભાઈ ઠાકર

ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધન માટે અને ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવા પ્રયત્નશીલ એવા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા અનેકવિધ આયોજનો થાય છે. આ સંસ્થાએ ગુજરાતી વિશ્વકોશ, બાળવિશ્વકોશ, પરિભાષાકોશ જેવા કોશોનું તથા અનેક ગ્રંથોનું સર્જન કરીને માતૃભાષા ગુજરાતીની અમૂલ્ય સેવા કરી કરી છે.

આ સંસ્થાના પ્રણેતા અને શિલ્પી પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરની સ્મૃતિમાં આયોજિત 'કાવ્યાંજલિ' કાર્યક્રમ તારીખ ૨૪મી જાન્યુઆરીના રોજ 'ભારતીય તત્ત્વદર્શનની કવિતાનો અમર વારસો' અંતર્ગત અમર ભટ્ટ, ગાર્ગી વોરા અને હસમુખ બારોટે તત્ત્વદર્શનને દર્શાવતા ગીતો પ્રસ્તુત કર્યાં હતા.

# શિવરાત્રિની પૂર્વ સંધ્યાએ સમુત્કર્ષમાં યોજાયો ભક્તિસભર કાર્યક્રમ 'શિવ-સ્વર'- ગાયન, વાદન અને નર્તનનું બિલીપત્ર





અમદાવાદ ખાતે 'સમુત્કર્ષ' સંસ્થાના ઉપક્રમે શિવરાત્રિની પૂર્વ સંધ્યાએ શિવભક્તિનો એક ઉપક્રમ 'શિવ-સ્વર' કાર્યક્રમ રૂપે યોજાઈ ગયો. તારીખ ૩ માર્ચના રોજ યોજાયેલ કાર્યક્રમની પરિકલ્પના કોષા સંજય જહાની હતી. આરતી મુનશી, સંપદા વોરા, શેતલ ભટ્ટ, કૃતિ શાહ, પ્રહર વોરા, જૈમીન વૈદ્ય, અંકિત ક્રિસ્ટી અને સૌમિલ મુનશી દ્વારા બિલ્વાષ્ટકમ, શિવાષ્ટકમ, વિવિધ રાગો પર આધારિત શિવ ધૂન, શિવતાંડવ અને શિવમહિમ્ન: સ્તોત્રમની અદભુત પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શ્રોતાઓએ એક દિવ્ય શાંતિનો અનુભવ કર્યો હતો. અને સૌ અભિભૂત થઈ ગયા હતા. પ્રહર વોરાએ તેમના સ્વરનિયોજનમાં શિવપંચાક્ષર સ્તોત્રમ રજૂ કર્યું

હતું. કાર્યક્રમમાં વિશેષ નૃત્યપ્રસ્તુતિ જાણીતી ભરતનાટ્યમની સઘન તાલીમ આપતી નૃત્યસંસ્થા નૃત્યભારતી દ્વારા કરવામાં આવી હતી. આ સંસ્થાના પ્રણેતા નિરાલી ઠાકોર, ચંદન ઠાકોર અને તેમના શિષ્યવૃંદ દ્વારા રુદ્રાષ્ટકમ તથા અન્ય રચનાઓનું ભાવવાહી નર્તન કરવામાં આવ્યું હતું.




કાર્યક્રમનું શબ્દસંચાલન તુષાર જોશીએ કર્યું હતું. ધર્મ, રીતરીવાજો અને સંસ્કારવારસાની જાળવણીને ઉજાગર કરતાં તેમના સંચાલન દ્વારા કોષા સંજય જહાની પરિકલ્પનાને પુષ્ટિ મળી હતી.




યોગ, સંગીત અને જીવનઉત્કર્ષ માટે સમર્પિત 'સમુત્કર્ષ' સંસ્થાના માનદ મંત્રી હરેશ ત્રિવેદીએ સૌને સંસ્થાની પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો હતો. સંસ્થાના પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલ (કાકા)ના સૌજન્ય થકી ગાયન, વાદન અને નર્તનનું આ બિલીપત્ર ભગવાન શિવને અર્પણ કરાયું હતું. તેરસોથી પણ વધારે ઉપસ્થિત રહેલા ભાવકો અંતમાં પ્રસાદ આરોગી વિખરાયા હતા.





## જન્મદિવસ શુભ હો... શુભદાયી... સુખદાયી... ચિર આયુ પામો

૧ એપ્રિલ: **મયંક દવે** (સંગીતકાર, ગાંધીનગર)

૧ એપ્રિલ: **પાયલ વખારિયા રાવલ** (ગાયિકા, અમદાવાદ)

૧ એપ્રિલ: **ગૌરવી અધ્યારુ** (ગાયિકા, અમદાવાદ)

૧ એપ્રિલ: **કિશોરસિંહ સોલંકી** (સાહિત્યકાર, અમદાવાદ)

૩ એપ્રિલ: **અમિત મહેતા** (ગાયક, સંગીતકાર, અમદાવાદ)

૩ એપ્રિલ: **સુધા સુંદરમ** (લેખિકા, પોંડીચેરી)

૩ એપ્રિલ: **હરીહરન** (પાર્શ્વગાયક, મુંબઈ)

૩ એપ્રિલ: **જગદીશ ત્રિવેદી** (લેખક, ભાવનગર)

૩ એપ્રિલ: **હિમાંશુ જોશી** (કવિ, સાહિત્યકાર, મુંબઈ)

૪ એપ્રિલ: **ઋતુ મિસ્ત્રી** (ગાયિકા, ભાવનગર)

૪ એપ્રિલ: **સતીન દેસાઈ 'પરવેઝ'** (કવિ, દાહોદ)

૪ એપ્રિલ: **કિસન સોસા 'અનામય'** (કવિ, બાળસાહિત્યકાર, સુરત)

૫ એપ્રિલ: **રણછોડ સોલંકી** (ભવાઈ કલાકાર, ભાવનગર)

૫ એપ્રિલ: **નલિની માડગાંવકર** (કવયિત્રી, મુંબઈ)

૭ એપ્રિલ: **જિતુદાન ગઢવી-જીગર વાંકાનેરી** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)

૮ એપ્રિલ: **ડૉ. નિમિશ શાહ** (ગાયક, અમદાવાદ)

૮ એપ્રિલ: **ધ્વનિત ઠાકર** (આર. જે., અમદાવાદ)

૯ એપ્રિલ: **હેમેન શાહ** (કવિ, મુંબઈ)

૯ એપ્રિલ: **પિંકી અવસ્થી** (ઉદ્ઘોષક, ભાવનગર)

૯ એપ્રિલ: **ગાર્ગી શાહ** (ગાયિકા, અમદાવાદ)

૧૦ એપ્રિલ: **વર્ષા અડાલજા** (ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ, મુંબઈ)

૧૦ એપ્રિલ: **રૂપા દિવેટિયા** (નાટ્યકલાકાર, મુંબઈ)

૧૦ એપ્રિલ: **અશ્વિન મહેતા** (ગાયક, મુંબઈ)

૧૦ એપ્રિલ: **મેઘના દેસાઈ** (નૃત્યાંગના, ભાવનગર)

૧૧ એપ્રિલ: **માતંગ પરીખ** (વાદક કલાકાર-તબલા, ગાયક, અમદાવાદ)

૧૧ એપ્રિલ: **કલ્યાણી કૌઠાળકર** (ગાયિકા, અમદાવાદ)

૧૧ એપ્રિલ: **વર્ષા ત્રિવેદી** (ગાયિકા, ભાવનગર)

૧૧ એપ્રિલ: **પ્રફુલ્લ ભાવસાર** (દિગ્દર્શક, અમદાવાદ)

૧૧ એપ્રિલ: **ટેમ્પુભાઈ** (વાદક કલાકાર-કી-બોર્ડ, અમદાવાદ)

૧૨ એપ્રિલ: **નીતિન મહેતા** (સાહિત્યકાર, મુંબઈ)

૧૩ એપ્રિલ: **ગૌરાંગ ઠાકર** (સાહિત્યકાર, સુરત)

૧૩ એપ્રિલ: **ઉર્વીશ વસાવડા** (કવિ, જૂનાગઢ)



## જન્મદિવસ શુભ હો... શુભદાયી... સુખદાયી... ચિર આયુ પામો

૧૩ એપ્રિલ: **નીલા ધોળકિયા** (ગાયિકા, અમદાવાદ)

૧૪ એપ્રિલ: **શ્યામલ મુનશી** (ગાયક, સ્વરકાર, કવિ, અમદાવાદ)

૧૪ એપ્રિલ: **કમલેશ ઝાલા** (વાદક કલાકાર-વાયોલીન, અમદાવાદ)

૧૪ એપ્રિલ: **મુંજાલ મહેતા** (તબલાવાદક, અમદાવાદ)

૧૮ એપ્રિલ: **મૃદુલા પરીખ** (ગાયિકા, અમદાવાદ)

૨૦ એપ્રિલ: **દાન વાઘેલા** (કવિ, ભાવનગર)

૨૦ એપ્રિલ: **ડંકેશ ઓઝા** (લેખક, ગાંધીનગર)

૨૧ એપ્રિલ: **સમીર રાજડા** (નાટ્યકલાકાર, મુંબઈ)

૨૧ એપ્રિલ: **હરિતા દેસાઈ** (ગાયિકા, કેનેડા)

૨૧ એપ્રિલ: **શ્રેયસ દવે** (વાદક કલાકાર-વાંસળી, અમદાવાદ)

૨૨ એપ્રિલ: **માધવ રામાનુજ** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)

૨૩ એપ્રિલ: **સંજીવ દર્શન** (સંગીતકાર, મુંબઈ)

૨૩ એપ્રિલ: **રાજુ પારેખ** (કવિ, ચિત્રકાર, ભાવનગર)

૨૪ એપ્રિલ: **દિલીપ રાઠોડ** (ચિત્રકાર, ફોટોગ્રાફર, ભાવનગર)

૨૪ એપ્રિલ: **ભાવના અંધારિયા મહેતા**
(ગાયિકા અને મ્યુઝિક થેરાપીસ્ટ, ભાવનગર)

૨૪ એપ્રિલ: **કવિતા પૌડવાલ** (ગાયિકા, મુંબઈ)

૨૫ એપ્રિલ: **જયદેવ શુક્લ** (કવિ, સાહિત્યકાર, વડોદરા)

૨૫ એપ્રિલ: **સત્યેન જગીવાલા** (ગાયક કલાકાર, સુરત)

૨૭ એપ્રિલ: **જિગીષા અર્ચન ત્રિવેદી** (વ્યંગ લેખિકા, અમદાવાદ)

૨૮ એપ્રિલ: **હિના નિસર્ગ ત્રિવેદી** (નાટ્યકલાકાર, અમદાવાદ)

૨૮ એપ્રિલ: **શર્મન જોશી** (ફિલ્મ અને નાટ્યકલાકાર, મુંબઈ)

૨૮ એપ્રિલ: **ડૉ. ફાલ્ગુની ડૉક્ટર** (ગાયિકા, અમદાવાદ)

૩૦ એપ્રિલ: **આતિશ કાપડિયા** (લેખક, નાટ્યકલાકાર, મુંબઈ)

૩૦ એપ્રિલ: **અનાર કઠિયારા શાહ** (ગાયિકા, વડોદરા)




Care & Delight LG Service
LG 24 x 7 CUSTOMER CARE
CALL 1800-315-9999
1800-180-9999 (Toll Free)
SMS 5757554 (Send SMS)
CLICK www.lg.com/in/support
LG MOBILE APP
LG Service India Mobile App Available at Google Play
www.facebook.com/lgindiapage/
www.twitter.com/LGIndia
To know more about LG, visit www.lg.com/in
For Corporate/Institutional enquiries, please write to corp.enquiries@lge.com
24x7 NOW SHOP AT LG BRAND STORE www.lgbrandstore.com/in
LG Greencycle
Regd. Office: LG Electronics India Pvt. Ltd., A Wing (3rd Floor), D-3, District Center, Saket, New Delhi-110017 CIN No. U32107DL1997PTC220109
Terms and conditions apply. Creative illustration, Images shown here are for representation only and actual product may vary. For more information on the product visit www.lg.com/in